આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- અશરફ નથવાણી

કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

તારખ:૦૨-૧૦-૨૦૨૪ સમય:-સવારે ૬.૫૦ કલાકે

---

# P.M-મોદી-જમૈકાના પી.એમ સાથે બેઠક

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને જમૈકાના પ્રધાનમંત્રી એન્ડ્રયૂ હોલનેસ વચ્ચે નવી દિલ્હીના હૈદરાબાદ હાઉસ ખાતે દ્વીપક્ષીય બેઠક મળી હતી. આ દરમિયાન બંને નેતાઓ વચ્ચે સંબંધોને વધુ મજબૂત બનાવવા વેપાર, રોકાણ, પુન: પ્રાપ્ય ઊર્જા, ડિજિટલ પરિવર્તન, વિકાસ, ભાગીદારી, શિક્ષણ, કૈશલ્ય વિકાસ અને લોકસંપર્કમાં સહકાર વધારવા અંગે ચર્ચા થઈ હતી.

બેઠક બાદ પત્રકારોને સંબોધતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે ભારત અને જમૈકાના સંબંધો મજબૂત ઇતિહાસ, લોકશાહી મૂલ્યો અને લોકસંપર્ક પર ટકેલા છે. વધુમાં તેમણે ઉમેર્યું કે બંને દેશોને ચાર સી – કલ્ચર, ક્રિકેટ, કોમનવેલ્થ અને કેરિકોમ એટલે કે કેરેબિયન સમુદાય જોડે છે. આ પ્રસંગે પ્રધાનમંત્રીએ જમૈકા ઉચ્ચ આયોગ સામેના માર્ગનું નામ જમૈકા માર્ગ કરવાની જાહેરાત કરી હતી.

**(RNU અમદાવાદ/અશરફ નથવાણી)**

---------------------------------------------------------------------

# સરદાર સરોવર-નર્મદાના નીરના વધામણા

ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા યોજનાના સરદાર સરોવર ડેમની જળ સપાટી તેની મહત્તમ ૧૩૮.૬૮ મીટર એટલે કે, ૪૫૫ ફુટ પહોંચતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગઈકાલે સરદાર સરોવર ડેમ સાઈટ એક્તા નગર પહોંચીને નર્મદાના નીરના વધામણા કર્યા હતા. ડેમની ૧૩૮.૬૮ મીટર સપાટીએ કુલ જળસંગ્રહ ક્ષમતા ૯૪૬૦ મીલીયન ઘનમીટર છે.

આ વર્ષે સારા વરસાદને પગલે સરદાર સરોવર ડેમ ૧૧ ઓગસ્ટથી ઓવરફ્લો થવાનો શરૂ થયો હતો. અત્યાર સુધીમાં ૫૧ દિવસ સુધી આ જળાશય છલકાયું છે. નર્મદા યોજનાના રીવર બેડ પાવર હાઉસ તથા કેનાલ હેડ પાવર હાઉસમાં આ વર્ષે ચોમાસામાં કુલ ૧૩૪૩ મેગાવોટ વીજળી તથા અત્યાર સુધીમાં કુલ ૬૨૮૩ કરોડ યુનિટ વીજળી ઉત્પન્ન થઈ છે.

૨૦૧૭માં રાષ્ટ્રાર્પણ પછી આ ડેમ અત્યાર સુધીમાં પાંચ વાર તેની મહત્તમ સપાટીએ ભરાયો છે. ડેમ ઓવરફ્લો થતાં રાજ્યની ૧૦ નદીઓમાં નર્મદા જળરાશિ વહેવડાવીને આ નદીઓને જીવંત કરવામાં આવી છે.

**(RNU અમદાવાદ/અશરફ નથવાણી)**

------------------------------------------------------------------------

## વિઝીટીંગ ડોક્ટરોના માનદ વેતનમાં વધારો

સી.એમ સેતુ યોજના અંતર્ગત રાજ્યમાં ફરજ બજાવતા વીઝીટીંગ તજજ્ઞો અને સુપર સ્પેશીયાલિસ્ટ ડોક્ટરો તથા રાજ્ય સરકારનાં અનુદાનથી ચાલતી હોસ્પિટલોના વીઝીટીંગ ડોક્ટરોનાં માનદ વેતનમાં વધારો કરવામાં આવ્યો છે.

ગઈકાલે રાજ્ય મંત્રી મંડળની બેઠકમાં લેવાયેલા આ નિર્ણયની માહિતી આપતા પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, રાજ્યના સામુહિક આરોગ્ય કેન્દ્રો, પેટા જિલ્લા હોસ્પિટલો અને જિલ્લા હોસ્પિટલો ખાતે ફરજ બજાવતા તબીબોને અગાઉ પ્રતિ કલાક અંતરના આધારે ૭૦૦ થી ૯૦૦ રૂ. વેતન આપવામાં આવતું હતું, જેમાં હવે વધારો કરાયો છે.

તેમણે વધુમાં જણાવ્યું કે, પીડિયાટ્રીશીયન અને જનરલ ફિઝિશીયનને પ્રતિ દિન 3,000 રૂપિયા તેમજ આ સિવાયના તમામ સુપર સ્પેશીયાલીસ્ટ ડોકટરોને પ્રતિ દિન ૨,000 રૂપિયા માનદ વેતન ચૂકવવામાં આવશે, જેની સામે આ તબીબોએ રોજની લઘુત્તમ 3 કલાકની ફરજીયાત સેવાઓ આપવાની રહેશે. આ મહેનતાણા ઉપરાંત સર્જરીના પ્રકારને આધારે ડોકટરોને 300 થી ૨,000 રૂપિયા સુધીનું પ્રોત્સાહન પણ મળવાપાત્ર રહેશે.

આ ઉપરાંત, રાજ્યની સરકારી મેડિકલ કૉલેજ અથવા GMERS સંચાલીત મેડિકલ કૉલેજ સંલગ્ન હોસ્પિટલ ખાતે ફરજ બજાવતા વીઝીટીંગ સુપર

સ્પેશીયાલીસ્ટ ડોકટરોને અગાઉ પ્રતિ ત્રણ કલાક માટે 2700 રૂપિયા ચૂકવવામાં આવતા હતા, જે વધારીને ૮,૫૦૦ કરવામાં આવ્યા છે.

**(RNU અમદાવાદ/અશરફ નથવાણી)**

---

# રાષ્ટ્રપિતા મહાત્માં ગાંધીની જન્મ જયંતી

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની આજે જન્મ જયંતી છે. આ નિમિતે વિવિધ કાર્યક્રમોનું આયોજન થયું છે. આજે વિશ્વ અહિંસા દિન મનાવાય છે. મહાત્મા ગાંધીની જન્મ ભૂમિ પોરબંદર કીર્તિ મંદિર ખાતે પ્રાર્થના સભા યોજાશે. જેમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, કેન્દ્રીયમંત્રી મનસુખ માંડવીયા સહિતના વિવિધ અગ્રણીઓ ઉપસ્થિતિ રહી પુષ્પાંજલિ અર્પણ કરશે. કચ્છમાં પણ વિવિધ કાર્યક્રમોનું આયોજન થયું છે. ભુજમાં હમીરસર કિનારે આવેલી બાપુની પ્રતિમાને અગ્રણીઓ દ્વારા પુષ્પાંજલિ અર્પણ કરાશે.

આજે સ્વતંત્ર ભારતના બીજા પ્રધાનમંત્રી લાલ બહાદુર શાસ્ત્રીની પણ જન્મ જયંતી છે. ભુજમાં તેમની પ્રતિમાને વિવિધ સંસ્થાઓ દ્વારા હારારોપણ કરી અંજલિ અપાશે.

**(અશરફ નથવાણી/ચંદ્રવદન પટ્ટણી)**

---

# આકાશવાણી-ભુજ સ્થાપન દિન

આજે આકાશવાણી ભુજનો સ્થાપના દિન છે. 2 ઓકટોબર 1965 ના રોજ આ કેન્દ્રનો પ્રારંભ થતાં કચ્છમાં પ્રસારણ ક્ષેત્રે નવાં પગરણ મંડાયા હતાં. આજે આ કેન્દ્ર 59 વર્ષ પૂર્ણ કરી 60 માં વર્ષમાં પ્રવેશ કરે છે. આ કેન્દ્રનો વિધિવત આરંભ 10મીએ તત્કાલીન માહિતી પ્રસારણ મંત્રી શ્રીમતી ઇન્દિરા ગાંધીના ધ્વનિ મુદ્રિત સંદેશ સાથે થયો હતો. કચ્છમાં કંડલાનું વાવાઝોડુ અને ભીષણ ભૂકંપ સમયની કામગીરી થી આકાશવાણી ભુજની ઉપયોગીતા પુરવાર થઈ હતી.

**(અશરફ નથવાણી/ ચંદ્રવદન પટ્ટણી)**

---

# પિતૃ અમાવસ્યા

આજે સર્વ પિતૃ અમાવસ્યા છે. આ સાથે છેલ્લા પંદર દિવસ થી ચાલતા શ્રાદ્ધ પર્વનું સમાપન થશે.આ નિમિતે વિવિધ સ્થળોએ ધાર્મિક વિધિઓ યોજાશે. ભચાઉ તાલુકાનાં પાંકડસર ગામે પરંપરાગત સરદિયો મેળો ભરાય છે. જોગનુજોગ આજે સૂર્ય ગ્રહણ થશે. પરંતુ ભારતીય સમય મુજબ આજે મોડી રાત્રે ગ્રહણનો આરંભ થશે. તેથી ભારતમાં દેખાશે નહિ. ગ્રહણનો મોક્ષ વહેલી સવારે થશે. એ સાથે જ આવતીકાલથી નવરાત્રી પર્વનો પ્રારંભ થશે.

**(અશરફ નથવાણી/ ચંદ્રવદન પટ્ટણી)**

---------------------------------------------------------------------